RESEARCH REVIEW JOURNALS
Volume-03
Issue-12
December -2018

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com [UGC Listed Journal]

# શ્રી નરેન્દ્ર મોદી – નેતૃત્વ

જય પટેલ

*એમ.ફિલ. 2017-18, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ગુજરાત*

અમદાવાદથી લગભગ 112 કિ.મી. અને ઉત્તર ગુજરાતનાં મહેસાણાથી ફક્ત 34 કિ.મી. નાં અંતરે આવેલું વડનગર નામનું અતિપૌરાણિક નગર આવેલું છે. વડનગર એ કનકપુર, આનંદપુર, કનકાવતી, ચમત્કારપુર, આનર્તપુર અને વૃદ્ધનગર જેવાં અન્ય બીજા નામોથી પણ પ્રસિદ્ધ છે. આ નગરમાં સન 640માં ચીની મુસાફર હ્યુ-એન-સાંગ આવ્યો હતો અને એણે વડનગરની સંસ્કૃતિ અને ત્યાં વસતી બુદ્ધિશાળી પ્રજાનાં ઘણા ગુણગાન ગાયા હતા. તે પછી “આઈને-અકબરી” લખનાર અબુ ફઝલે ઈ.સ. 1590માં લખ્યું હતું કે વડનગર ઘણાં મંદિરો અને તળાવો ધરાવતું વિશાળ નગર છે. પાંચમી સદીમાં મૈત્રકવંશનાં રાજા ધ્રુવસેન પહેલાએ પુત્રનાં મરણનું દુઃખ ભુલવા જૈનમુનિશ્રી ભદ્રબાહુજી પાસે હાથી મંદિરમાં ‘કલ્પસૂત્ર’નું પઠન કરાવ્યું હતું.

બાળપણમાં ‘કુમાર’નાં હુલામણા નામથી જાણીતા એવાં ગુજરાતનાં પનોતા પુત્ર અને સાંપ્રત સમયમાં ભારત દેશનું સુકાન વડાપ્રધાન તરીકે ફરજ બજાવનારા નરેન્દ્ર દામોદરદાસ મોદીનો જન્મ મહેસાણા જીલ્લાનાં વડનગર મુકામે 17 મી સપ્ટેમ્બર ઈ.સ. 1950 ભાદરવા સુદ છઠનાં દિવસે જન્મ થયો હતો.

નરેન્દ્ર મોદી એ પોતાનું પ્રાથમિક શિક્ષણ વડનગરની સરકારી સ્કૂલમાં લીધું હતું. ત્યારબાદ ‘ભગવતીચાર્ય નારાયણાચાર્ય હાઈસ્કૂલ’માં પ્રવેશ લીધો હતો કે જે આજે બી.એન.હાઈસ્કૂલનાં નામે ઓળખાય છે. અંગ્રેજી અને સોશ્યલ સાયન્સ એમ બંને વિષયો પ્રિય હતા. નરેન્દ્ર મોદી શાળાનાં સમય પછી પોતાના પિતાની નાનકડી ચાની દુકાનમાં તેઓને મદદ કરવા લાગી જતા હતા. નરેન્દ્ર મોદીનાં મનપસંદ બે શોખ હતા કે જેમાં પુસ્તકો વાંચવા અને પાણીમાં તરવું નો સમાવેશ થાય છે. તેઓ ફૂરસદનો સમય વડનગરનાં પુસ્તકાલયમાં પસાર કરતા. માતા-પિતાનાં આજ્ઞાંકિત નરેન્દ્ર મોદી ઘરની સાફ-સફાઈ અને અન્ય બીજા કામોમાં પોતાની માતાને મદદ પણ કરતા હતા. તેઓને અબોલા પશુ-પક્ષીઓ પ્રત્યે પણ ખૂબ પ્રેમ હતો. ખાસ કરીને તેઓએ ઘરમાં ગાય પાળવામાં આવી હતી. જેની તેઓ ખૂબ સારી રીતે સેવા કરતા હતા. કુટુંબનાં શુદ્ર સનાતની વાતાવરણે બધાં જ સાંસ્કૃતિક મૂલ્યો તેઓને વારસમાં આપી દીધા હતા.

ભારત એક લોકતાંત્રિક દેશ છે તેથી મૌલિક અધિકારો અંતર્ગત અહીંયા પોતાના વિચાર વ્યક્ત કરવાની સ્વતંત્રતા બધાને પ્રાપ્ત છે. પરંતુ આ આપણા દેશનું દુર્ભાગ્ય છે કે આપણે અભિવ્યક્તિની સ્વતંત્રતાનો ક્યારેક જાણે અજાણે તેનો દુરઉપયોગ થતો હોય છે. જ્યારે પણ દેશની સાંપ્રત સ્થિતિઓના સંદર્ભમાં સુધારાઓની ચર્ચા થાય છે ત્યારે આપણા દેશના લોકલાડીલા અને ગુજરાતનાં પનોતા પુત્ર એવાં નરેન્દ્ર મોદી વિકાસની નવી-નવી ઊંચાઈઓને સ્પર્શવાની વાત થાય છે અને ‘ઇન્ડિયા ફસ્ટ, નેશન ફસ્ટ’ની વાત કરવામાં આવે છે. નરેન્દ્ર મોદીએ ગરીબી શું છે તેનો અહેસાસ નાનપણથી જ કરેલો જોવા મળે છે. એટલે તેઓ અનેકવાર આ વાતનો ઉલ્લેખ કરતા જોવા મળે છે. તેઓ સ્કૂલેથી આવ્યા બાદ વડનગર રેલ્વે સ્ટેશન આવી ચા વેચવાનું કામ કરતા તે વાતનો ઉલ્લેખ તેઓ આજે પણ પોતાના ભાષણોમાં કરે છે. તેઓ નાનપણથી જ આર.એસ.એસ. કે જે હિન્દુત્વ માટે કામ કરી રહી છે તેમાં જોડાયા અને પોતાના વ્યક્તિત્વનો વિકાસ કર્યો.

12 વર્ષની ઉંમરે તેમનામાં સમજ આવી ગઈ હતી. તેમને સમાજમાં ફેલાયેલી જાતિગત અસમાનતા, અછૂતો અને દલિતો પ્રત્યે લોકોની નફરત ગમતી ન હતી. આવું બધું જોઈ તેમનું બાળમન દ્રવિત થઈ ઊઠતું હતું. અને પોતાની આજ વેદનાને તેમણે કાગળ ઉપર કંડારી અને એક એકાંકી લખ્યું હતું. ‘પીળું ફૂલ’ નામક એકાંકીમાં તેમણે પોતે જ ભાગ ભજવ્યો હતો. જે સ્કૂલનાં પ્રાંગણમાં દિવાલ ન હતી અને શાળાનાં વહીવટકર્તાઓ પાસે દિવાલ ચણાવવાના પૈસા પણ ન હતા તેવાં સંજોગોમાં નરેન્દ્ર મોદીએ એકાંકી નાટકની રચના કરી તેમાંથી પ્રાપ્ત થયેલ પૈસાથી શાળાની દિવાલ બનાવવામાં મદદરૂપ બન્યા.

વડનગરનાં શર્મિષ્ઠા તળાવની વચ્ચોવચ એક નાનકડું મંદિર હતું. એ મંદિર ઉપર એક ધજા લહેરાવવાની હતી. પરંતુ દરેક શ્રાવણ મહિનામાં આ ધજા બદલી નાંખવામાં આવતી હતી. પરંતુ એ સરોવરની વચ્ચે આવેલા એ મંદિરની આજુબાજુ મગરો વસવાટ કરતા હતા. મંદિરની ચારે તરફ મગરો હોવાનાં કારણે તળાવમાં ઊતરીને એ ભગવા રંગની ધજા બદલીને તેનાં સ્થાને નવી ભગવા રંગની ધજા લહેરાવવાની હિંમત કોઈનામાં ન હતી કારણ કે બધા મગરોથી ડરતા હતાં. ગામનાં બધા લોકો ચૂપચાપ તળાવ કિનારે ઊભા હતા પણ તળાવમાં ઊતરવા માટે કોઈ તૈયાર ન હતું. ત્યાં 12 વર્ષનો કિશોર આવ્યો. તેના મનમાં શરૂઆતથી જ ધર્મ પ્રત્યે અપાર શ્રદ્ધા હતી. જેવી તેને આખી વાતની ખબર પડી

RRIJM 2015, All Rights Reserved 

તે કંઈપણ વિચાર્યા વિના પોતાના જીવની ચિંતા કર્યા વિના ઝંડો લઈને તળાવમાં કૂદી પડ્યો અને મગરોથી બચતો-બચતો તળાવની વચ્ચે આવેલા એ મંદિર સુધી પહોંચી તેની ધજા બદલી નાંખી. તે સમયે આખું ગામ એ નરેન્દ્ર મોદીના નામના જયજયકારથી ગૂંજી ઊઠ્યું. આજથી લગભગ 50 વર્ષ પહેલા ગુજરાતના વડનગરમાં બનેલી સત્ય ઘટનાનો સાહસિક નાયક તે 12 વર્ષનો કિશોર બીજું કોઈ નહીં પરંતુ નરેન્દ્ર મોદી હતા.

એક સાધુએ તેઓની કુંડળી જોઈને એવી ભવિષ્યવાણી કરી હતી કે જો એ બાળક રાજકારણમાં જશે તો એક સમ્રાટની જેમ પ્રભાવશાળી થશે નહીં તો તે સંન્યાસી બનીને શંકરાચાર્યની જેમ યશસ્વી થશે. આ વાત આગળ જતાં સાચી લાગવા માંડી હતી કારણ કે કુટુંબીજનોએ કહ્યું કે નરેન્દ્ર મોદીને સાધુ-સંન્યાસીઓને મળવાનું અને તેઓની સેવા કરવાનું ખૂબ ગમતું હતું. પછી તો આગળ જતા પણ એવું જ સાધુએ કરેલી ભવિષ્યવાણી સાચા અર્થમાં ખરી ઉતરી. 17 વર્ષની ઉંમરમાં નરેન્દ્ર મોદી વિસનગર કોલેજનાં વિદ્યાર્થી બન્યાં. પરંતુ એક વર્ષ પછી તેઓએ ભણવાનું અને ઘર બંને છોડીને આધ્યાત્મિક જ્ઞાનની પ્રાપ્તિના હેતુસર હિમાલય જવાનો નિર્ણય લીધો અને ઘરમાં બધાને આ નિર્ણય જણાવી દીધો. દ્રઢ સંકલ્પ ધરાવતા નરેન્દ્ર મોદી રોકવામાં કુટુંબીજનો નિષ્ફળ ગયા. તે પછી બધા ભેગા મળીને સારૂં મુહૂર્ત જોઈને નરેન્દ્ર મોદી આશીર્વાદ સાથે વિદાય આપી અને નરેન્દ્ર મોદી હિમાલય જવા નીકળી પડ્યા. રામકૃષ્ણ મિશનમાં જોડાવવાની ઈચ્છાથી તેઓ કોલકત્તા જવા ગયા અને થોડો સમય બેલૂર મઠમાં રહ્યા. ગ્રેજ્યુએટ ન હોવાને કારણે તેઓ મિશનમાં જોડાઈ ન શક્યા. એમને યાદ આવ્યું કે વિવેકાનંદ હિમાલયમાં ક્યાંક રહ્યા હતા એટલે હિમાલય ગયા. ફક્ત 18 વર્ષની ઉંમરમાં નરેન્દ્ર મોદીએ પહેલીવાર ઘર છોડ્યું અને કહેવાય છે કે જે દેવી યોગે નરેન્દ્ર મોદીને ગુરૂ સ્વરૂપે રામકૃષ્ણ પરમહંસ મળ્યા હતાં. આ નરેન્દ્ર મોદીને પણ ત્યાં નિર્જન હિમાલયમાં સાધાનામાં ડૂબેલા કોઈ એક તપસ્વીનું સાનિધ્ય પ્રાપ્ત થું હતું. જેઓએ આધ્યાત્મિકતાની સાથે-સાથે તેઓએ રાષ્ટ્રસેવાની પ્રેરણા પણ આપી હતી. કદાચ તેઓના કહેવાને લીધે નરેન્દ્ર મોદી પાછા ફર્યા હતા. બે વર્ષ હિમાલયની રહસ્યપૂર્ણ આધ્યાત્મભૂમિ પર પસાર કરીને જ્યારે નરેન્દ્ર મોદી પાછા ફર્યા ત્યારે તેઓનું જીવનદર્શન પરિવર્તન પામી ચૂક્યું હતું. હવે તેઓ કર્મયોગ તરફ પ્રવૃત્ત થઈને રાષ્ટ્રસેવા અને માનવસેવાને પોતાનું ધ્યેય બનાવી ચૂક્યા હતા. આ કર્મનાં ધર્મ દર્શને તેઓને વિશ્વના સૌથી મોટા અને શિસ્તબદ્ધ સમાજસેવી સંગઠન સાથે જોડાવવાની પ્રેરણા આપી અને નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના અંગ બનીને રાષ્ટ્રસેવા માટે પોતાને સમર્પિત કરી દીધા. જો કે નરેન્દ્ર મોદી પરિવાર તરફના પોતાના કર્તવ્યોથી ક્યારેય વિમુખ ન થયાં. પરિવારમાં ચાલી રહેલી એક નાની ચાની દુકાન પરિવારને આર્થિક ટેકો આપવા પૂરતી ન હતી. બાકીનાં ભાઈ-બહેન પરિવાર સાથે જોડાયેલા હતા અને નરેન્દ્ર મોદી પરિવારથી દૂર રહીને પણ પરિવારની બહાર ક્યારેય ન હતા. આના લીધે પરિવારે નરેન્દ્ર મોદી દ્વારા લેવામાં આવેલા તેઓના જીવનના નિર્ણયોમાં અડચણ પેદા કરી ન હતી. એવું નથી કે પરિવારે તેઓના નિર્ણયોમાં ક્યારેય કોઈ હસ્તક્ષેપ ન કર્યો હતો. પરંતુ નરેન્દ્ર મોદીનાં સચોટ તર્ક સામે કોઈનું કંઈ ચાલતું નહીં. ખાસ કરીને લગ્ન ન કરવાના તેઓના નિર્ણયનો પરિવારમાં ખાસ્સો વિરોધ થયો હતો. પરંતુ હંમેશાની જેમ નરેન્દ્ર મોદી પોતાના સંકલ્પમાં અડગ રહ્યા. તેઓએ 21 વર્ષની ઉંમરમાં આજીવન બ્રહ્મચારી રહેવાનો સંકલ્પ કર્યો અને પોતાની જાતને રાષ્ટ્રસેવા નિમિત્તે સમર્પિત કરી દીધી.

નરેન્દ્ર મોદીનો સામાજીક આંદોલન સાથે પહેલો પરિચય 17 વર્ષની ઉંમરમાં જ થઈ ગયો હતો. જ્યારે ઈ.સ. 1967માં તેઓએ ગૌ રક્ષા આંદોલનમાં ભાગ લીધો હતો. એ દરમિયાન તેઓને જનસંઘને જાણવાનો અવસર મળ્યો હતો. જનસંઘ માટે પણ તેઓએ પોતાની દેશભક્તિ ભાવના સાથે પૂરી સેવાઓ આપી હતી. આ ગૌ રક્ષા આંદોલન પહેલા તેઓ મૂલ્ય, વૃદ્ધિ અને મુદ્રા જેવી જનસામાન્ય સાથે જોડાયેલા મુદ્દાઓ ઉપર થયેલા આંદોલનોમાં પણ ભાગ લઈ ચૂક્યા હતા.

સમગ્ર દેશમાં 26 મી જૂન ઈ.સ. 1975માં તે સમયનાં તત્કાલીન વડાપ્રધાન શ્રીમતી ઈંદિરા ગાંધીએ દેશમાં કટોકટીની પરિસ્થિતિ ઊભી કરી. રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું અને સમગ્ર દેશને એક તાનાશાહી અરાજકતામાં ધકેલી દીધો. બધા જ વિરોધી પક્ષનાં બધા જ મોટા નેતાઓને જેલમાં પૂરી દીધા. ગુજરાતમાં પણ બે દિવસીય હડતાળની ઘોષણા થઈ. નરેન્દ્ર મોદી પણ આપાતકાલની સ્થિતિથી વાકેફ થઈ ચૂક્યા હતા અને તેઓ ત્યાં સુધી સંઘમાં સક્રિય રહીને સમજી હતા કે દેશની સ્થિતિ શું છે. આ કટોકટી દરમિયાન તેઓ છૂપાઈ ગયા અને અડવાણીનાં સંપર્કમાં આવ્યા. એમણે જ નરેન્દ્ર મોદીની સાંગઠનિક ક્ષમતાઓને ઓળખી. આર.એસ.એસ.ને રાષ્ટ્ર વિરોધી જાહેર કરીને સ્વયં સેવકોની ધરપકડ શરૂ થઈ ગઈ હતી. નરેન્દ્ર મોદી ભૂગર્ભમાં જતા રહ્યા હતા. એ દરમિયાન તેઓનાં માથે સ્વયં સેવકોને છૂપાવવાના સ્થાનોની વ્યવસ્થા કરવાની અને જરૂરી સગવડો પૂરી પાડવાનું કામ સોંપવામાં આવ્યું. એ ઉપરાંત કેટલીક ખાસ જવાબદારી પણ તેમને સોંપવામાં આવી હતી જેવી કે ખાસ બેઠકોનું આયોજન કરવાનું અ લોકજાગૃતિ માટેની સામગ્રી પ્રકાશિત કરી તેનું વિતરણ કરવાનું વગેરે.

ઈ.સ. 1980નાં દસકમાં દેશભરમાં મહત્વની ઘટનાઓ બની રહી હતી અને નરેન્દ્ર મોદી આ ઘટનાઓને એક બાજુ ઊભા રહીને જોયા કરતા હતા. ઈ.સ. 1987 એટલે કે 37 વર્ષની ઉંમરે નરેન્દ્ર મોદીનાં મગજમાં ન્યાયયાત્રા યોજવાનો વિચાર આવ્યો.

RRIJM 2015, All Rights Reserved 

જીલ્લાઓનાં 115 દુકાળગ્રસ્ત તાલુકાઓની અને પંદર હજાર ગામડાઓમાં યાત્રા ફરી વળી. ત્યારપછી આવી લોકશક્તિ રથયાત્રા જેનો ઉદ્દેશ હતો કે જનતામાં ભાજપનાં પ્રભાવ અંગે જાગૃતિ લાવવી. ફરી એકવાર નરેન્દ્ર મોદીએ આ યાત્રાનું સફળતાપૂર્વક આયોજન કર્યું. નરેન્દ્ર મોદીએ બીજી બે યાત્રાઓનું પણ આયોજન કર્યું હતું. તેમાં સોમનાથ-અયોધ્યા યાત્રા અને એકતા યાત્રાનો સમાવેશ કરવામાં આવે છે.

ઈ.સ. 1995માં ભાજપે ફરીથી નરેન્દ્ર મોદીને ઊંચા પદ ઉપર મૂક્યા અને તેઓને રાષ્ટ્રીય સચિવ બનાવી દેવામાં આવ્યા. નરેન્દ્ર મોદીની ધારદાર અને સચોટ ચૂંટણી રણનીતિના કારણે ભાજપે ભવ્ય વિજય મેળવ્યો હતો અને એ વર્ષે કેશુભાઈ પટેલનાં નેતૃત્વમાં ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીએ પોતાની સરકાર રચી.

ઈ.સ. 2001 માં વાજપેયીનાં દ્વારા નરેન્દ્ર મોદીને સંદેશો મોકલી મળવા બોલાવ્યા. સપ્ટેમ્બર મહિનામાં નરેન્દ્ર મોદી પહોંચ્યા એટલે ખબર અંતર પુછતા-પુછતા વાજપેયીએ મજાનાં સૂરમાં તેઓને કહ્યું કે અહીં દિલ્લીમાં ખાવાનું ખાઈ-ખાઈને તમે જાડા થઈ ગયા છો હવે વજન ઓછું કરવા તમારે અહીંથી જવું જોઈશે. કંઈ સમજણ ન પડતા નરેન્દ્ર મોદીએ પૂછ્યું 'ક્યાં જાઉ?' 'ગુજરાત જતા રહો ત્યાંથી ચૂંટણી લડો' વાજપેયીએ જવાબ આપ્યો. નરેન્દ્ર મોદીને કંઈ સમજ ન પડી પરંતુ દર વખતની જેમ પોતાના કપ્તાનનો હુકમ માથે ચડાવી નરેન્દ્ર મોદી ગુજરાત આવી ગયા. ગુજરાત આવીને તેઓની તકલીફ બે ગણી વધી ગઈ જ્યારે ત્યાં તેઓએ પોતાના આગમનથી કાર્યકર્તાઓમાં ખૂબ જ ઉત્સાહ જોયો. પછી ખબર પડી કે ગુજરાત ભાજપે જ નરેન્દ્ર મોદીની માંગણી કરી હતી અને રાજ્યનાં 14માં મુખ્યમંત્રી તરીકેનાં રૂપમાં સોગંદ લીધા.

26મી જાન્યુઆરી ઈ.સ. 2001 ના રોજ કચ્છમાં થયેલ વિનાશકારી ધરતીકંપનો જે ઝડપથી અને સફળતા સાથે નરેન્દ્ર મોદીએ સામનો કર્યો હતો તેના લીધે આખી દુનિયામાં તેઓના વહીવટના ગુણગાન સાંભળવામાં આવ્યા હતા. ધરતીકંપમાં રાહતની સાથે-સાથે ફરીથી વસવાટનું કામ પણ યુદ્ધનાં ધોરણે શરૂ કરવમાં આવ્યું હતું. નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી બનવાના ચોથા મહિનામાં જ એક એવી દુર્ઘટના બની જે ઈતિહાસના પાનાંઓ ઉપર લેખાઈ ગઈ કે જેને 'ગોધરા કાંડ' તરીકે ઓળખવામાં આવે છે. 27 મી ફેબ્રુઆરી ઈ.સ. 2002નાં રોજ થયેલી આ ઘટનામાં ફૈઝાબાદથી અમદાવાદ જતી સાબરમતી એક્સપ્રેસનાં 3 ડબ્બાઓ ઉપર હુમલો કરીને સળગાવી દેવામાં આવ્યા હતા. આ સમગ્ર ઘટના બાદ નરેન્દ્ર મોદીની છબી ઉપર અનેક સવાલો જોવાં મળ્યાં. પરંતુ તે તમામ બાબતોનો સામનો કરીને ઈ.સ. 2002ની ડિસેમ્બરમાં 11મી ગુજરાત વિધાનસભાની ચૂંટણી આવી કે જેમાં નરેન્દ્ર મોદીનાં નેતૃત્વ હેઠળ ચૂંટણી લડાઈ અને ભારતીય જનતા પાર્ટીને અભુદ્દપૂર્વ જનતાએ મેન્ડેડ આપીને બહુમતીથી વિજયી બનાવ્યા. તેમાં 182 બેઠકોમાંથી 127 બેઠક પર વિજય મેળવ્યો. તેઓએ અમદાવાદની મણિનગર બેઠક ઉપરથી જીત મેળવી અને સતત બીજી વખત ગુજરાતનાં મુખ્યમંત્રી તરીકેનો પદભાર સંભાળ્યો. જેમાં ઈ.સ. 2002, ઈ.સ. 2007 અને ઈ.સ. 2012માં યોજાયેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીને જીત અપાવવામાં સફળ રહ્યા અને ગુજરાતનાં ઈતિહાસમાં સૌ પ્રથમ એવું બન્યું કે કોઈ મુખ્યમંત્રી સતત ચાર ટર્મ સુધી ચૂંટાઈ આવ્યા અને નરેન્દ્ર મોદી એ એક એવાં મુખ્યમંત્રી હતા કે જેમની પાસે શાસન ચલાવવા માટેનો લગભગ 13 વર્ષ જેટલો લાંબો અને બહોળો અનુભવ હતો. તેમણે આ 13 વર્ષ જેટલાં લાંબા સમયગાળા દરમિયાન ગુજરાત વિશ્વ સ્તર પર નામના મેળવે તે હેતુથી વાઈબ્રન્ટ સમીટની પણ શરૂઆત કરી. તેની સાથે-સાથે આદિવાસીઓનાં પુનઃઉત્થાન માટે વનબંધુ કલ્યાણ યોજના બનાવવામાં આવી. કૃષિ અને પશુપાલનને ધ્યાનમાં રાખીને કૃષિ મહોત્સવ અને કેટલ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ થાય તે માટે અદાણી, ટાટા અને અંબાણીને ગુજરાતમાં રોકાણ કરવા માટે આહવાન કર્યું. ઈ.સ. 2012ની ગુજરાત વિધાનસભા બાદ તેમની લોકપ્રિયતામાં દિન-પ્રતિદિન વધારો જોવા મળ્યો અને એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે હવે આગામી ચૂંટણી ઈ.સ. 2014માં યોજાયેલી 16 મી લોકસભામાં નરેન્દ્ર મોદીને ભારતીય જનતા પાર્ટીનાં ચૂંટણી પ્રચાર સમિતિનાં અધ્યક્ષ બનાવ્યા. દિન-પ્રતિદિન તે સમયનો સત્તાધારી યુપીએ નબળો પડ્યો અને કદાચ તેનાં ફળ સ્વરૂપે જ નરેન્દ્ર મોદી જેવાં કદાવર નેતાને ઈ.સ. 2014માં યોજાયેલી 16 મી લોકસભામાં ભારતીય જનતા પાર્ટી અને સાથી પક્ષ એન.ડી.એ. તરફથી પ્રધાનમંત્રી ઉમેદવારનાં રૂપમાં પ્રસ્થાપિત કર્યા. તે જ દિવસથી નરેન્દ્ર મોદીએ સમગ્ર ભારતભરનું ભ્રમણ કર્યું અને લોકસભાની ચૂંટણીનો જોર-શોરથી પ્રચાર કર્યો કે જે ભારતનાં ઈતિહાસમાં સૌ પ્રથમ વખત 3-D ટેક્નોલોજીનાં દ્વારા સભાઓનાં માધ્યમથી નરેન્દ્ર મોદીએ ચૂંટણીમાં નવતર અભિગમ અપનાવ્યો. એટલું જ નહિં ભારતભરમાં લગભગ ત્રણ લાખ કિલોમીટર જેટલો પ્રવાસ કરી ચૂંટણીનો પ્રચાર કર્યો. અંતમાં જ્યારે 16 મી લોકસભાનાં પરિણામ 16 મી મે ઈ.સ. 2014નાં રોજ આવ્યા અને તેમાં નરેન્દ્ર મોદી વડોદરા અને વારાણસી એમ બંને સીટ પર પ્રચંડ બહુમત હાંસલ કરવામાં સફળ રહ્યાં. તદ્દઉપરાંત ભારતીય જનતા પાર્ટીને 282 બેઠકો મળી અને તેમનાં સાથી દળો મળીને કુલ 336 બેઠકો મેળવવામાં સફળ રહ્યાં. ગુજરાત, રાજસ્થાન, હિમાચલપ્રદેશ જેવાં રાજ્યોમાં લોકસભાની તમામ બેઠકો ભારતીય જનતા પાર્ટીને ફાળે ગઈ તે ઉપરથી જ સ્પષ્ટ થઈ ગયું કે નરેન્દ્ર મોદી જ પ્રધાનમંત્રી શપથ લેશે અને 26 મી મે ઈ.સ. 2014નાં રોજ ભારતનાં 14માં પ્રધાનમંત્રીનાં રૂપમાં શપથ લીધા. શપથ ગ્રહણ સમારોહમાં સાર્ક

દેશોના પ્રમુખોને આમંત્રિત કરી એક નવાં રાજકારણની શરૂઆત કરી. નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી બનતાની સાથે જ કાળા ધન માટેની એસ.આઈ.ટી.ની રચનાથી માંડીને સ્વચ્છ ભારત, સ્કીલ ઈન્ડિયા, સ્ટાર્ટપ ઈન્ડિયા, પ્રધાનમંત્રી જન ધન યોજના, મુદ્રા યોજના, નોટબંધી, સર્જીકલ સ્ટ્રાઈક, જી.એસ.ટી. વગેરે જેવાં કાર્યક્રમો હાથ ધર્યા કે જેમાં તેમને મિશ્ર પ્રતિસાદો મળ્યા છે છતાં પણ ભારતમાં નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા ટકાવી રાખવામાં સફળ રહ્યાં છે.

એક રાજ્યશાસ્ત્રનાં વિદ્યાર્થી તરીકે સમગ્ર સંશોધન બાદ એટલું કહી શકાય કે નરેન્દ્ર મોદી 21 મી સદીમાં ખરા અર્થમાં રાષ્ટ્રીય નેતા તરીકેનાં નેતૃત્વ ભારતમાં જ નહીં સમગ્ર વિશ્વમાં તેમની શાખ ઊભી કરવામાં સફળ રહ્યાં છે. એટલું જ નહીં સાર્ક, G-20 વગેરે સમિટમાં ભારતનું સાચા અર્થમાં પ્રભુત્વ કરી ભારતની સ્થિતિને એક નવા અંદાજમાં પ્રસ્થાપિત કરી છે. આમ આંતરરાષ્ટ્રીય સ્તરે નરેન્દ્ર મોદી પોતાની છાપ છોડવામાં સફળ રહ્યાં છે અને તે કારણથી જ નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય નેતા તરીકે બહાર આવ્યા છે. ભારતનાં સંદર્ભમાં વાત કરીએ તો નરેન્દ્ર મોદી પાતાનાં અત્યાર સુધીનાં પ્રધાનમંત્રી કાર્યકાળમાં સફળ રહ્યા છે કે કેમ તે કહી શકાય તેમ નથી. પરંતુ એટલું સ્પષ્ટપણે કહી શકાય કે નરેન્દ્ર મોદીની પાસે દેશની જનતાને આજે પણ ખૂબ આશા અને આકાંક્ષાઓ રહેલી છે. જો તેમની આશા અને આકાંક્ષાઓને સફળ બનાવવામાં નિષ્ફળ જશે તો ચોક્કસપણે કહી શકાય કે નરેન્દ્ર મોદીને આગામી ચૂંટણીમાં તેનાં માઠા પરિણામ મળી શકે છે.

## સંદર્ભ સૂચિ


1. આદિત્ય બાસુ શ્રી નરેન્દ્ર મોદીની જીવનકથા નવસર્જન પબ્લિકેશન આવૃત્તિ 2012
2. અરૂણ આનંદ નમોવાણી નવભારત સાહિત્ય મંદિર આવૃત્તિ 2014
3. સંગીતા શુક્લા પ્રેરણામૂર્તિ નરેન્દ્ર મોદી ડાયમંડ પોકેટ બુક્સ પ્રા.લિ. આવૃત્તિ 2013
4. આદિત્ય બાસુ શ્રી નરેન્દ્ર મોદીની જીવનકથા નવસર્જન પબ્લિકેશન આવૃત્તિ 2012
5. કુમાર પંકજ નરેન્દ્ર મોદી ડાયમંડ બુક્સ આવૃત્તિ 2013